# ૬૩

**કલોલ તાલુકામાં મુલાસણા ગામમાં પાંજરાપોળને જમીન ભાડાપટ્ટે આપવા બાબત**

***15/3/379: શ્રી દિનેશભાઈ ઠાકોર (ચાણસ્મા): માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ-**

| | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના મુલાસણા ગામમાં પાંજરાપોળને ૯૯ વર્ષના ભાડાપટ્ટે આપવામાં આવેલ જમીન નામફેર, વેચાણ અને બિનખેતીની પ્રક્રિયામાં થયેલ ગેરરીતિ સબબ કલેક્ટર ગાંધીનગર અને અન્ય જવાબદારો સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા,જી |
| (૨) | જો હા, તો ઉક્ત પાંજરાપોળની કેટલી જમીન કોના દ્વારા ખરીદાયેલ છે, | (૨) આ બાબતે SIT અંતર્ગત તપાસ ચાલુ છે. |
| (૩) | તે પૈકી કોની કેટલી જમીનો કયારે બિનખેતી કરવામાં આવેલ, અને | (૩) આ બાબતે SIT અંતર્ગત તપાસ ચાલુ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) | ઉક્ત નામફેર, વેચાણ અને બિનખેતીની પ્રક્રિયા ગેરકાયદેસર થયેલ હોય તો તે જમીન શ્રીસરકારમાં દાખલ કરવાની કાર્યવાહી કયા તબક્કે છે? | (૪) આ બાબતે SIT અંતર્ગત તપાસ ચાલુ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |